S.M.C. P. No. 3135-2000-3-13

અરજી ફોર્મ નં.

તા.      –      –૨૦

# સુરત મહાનગરપાલિકા

## ખાનગી મિલ્કત પર જાહેરાતના બોર્ડ / હોર્ડિંગ ઉભા કરવા માટે પરવાનો મેળવવા માટેનું અરજી ફોર્મ

મે. કાર્યપાલક ઈજનેરશ્રી/ઝોનલ ઓફિસરશ્રી,
..............................................ઝોન,
સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન,
સુરત.

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

### (અ) મિલ્કત માલિકની અરજી :–

નીચે અરજીમાં જણાવેલ જગ્યા / મિલ્કત અમારી માલિકીની છે. તે જગ્યા / મિલ્કતમાં ધંધાકીય જાહેરાત કરવા અમારી સંમતિથી અમારી મિલ્કતમાં સંસ્થા / એજન્સી દ્વારા નવા જાહેરાત બોર્ડ / હોર્ડિંગ ઉભા કરવામાં આવનાર છે. આ નવા જાહેરાત બોર્ડ / હોર્ડિંગ ઉભા કરવા માટે પરવાનો મેળવવા માટે આ અરજી મુજબ સદર જાહેરાત બોર્ડ / હોર્ડિંગ ઉભા કરવા માટે પરવાનો આપવા મંજુરી મળવા વિનંતી છે. અરજીમાં દર્શાવેલ સામાન્ય શરતો અમોને કબુલ મંજુર છે. નિયમ મુજબ મંજુરી આપતા લાયસન્સ ફી ની રકમ ભરવાની પ્રાથમિક જવાબદારી અમો સ્વીકારીએ છીએ અને પુરાવા રૂપે મ્યુનિ. ટેક્ષનું બીલ / પ્રોપર્ટી રજી. કાર્ડની નકલ / ૭/૧૨ નો ઉતારો સામેલ કરેલ છે.

જગ્યાના પ્રથમ કરપાત્ર માલિકનું નામ :–..........................................................................................
સરનામું :–..........................................................................................................................
..........................................................................................................................................
હયાત / સુચિત બોર્ડની જગ્યાનું સરનામું :–..........................................................................
..........................................................................................................................................
લોકેશન સ્કેચ સાથે ખુલ્લી જગ્યામાં / ધાબા ઉપર / દિવાલ ઉપર
જાહેરાતનો પ્રકાર : સાદી / પ્રકાશિત / નિયોન સાઈન / કોમ્પ્યુટરાઈડ.....................................................
વોર્ડ તથા સર્વે નંબર : ..........................................................................................................
બોર્ડનું માપ : ...........................મી. × ..........................મી. =........................ચો. મી.

ઉપરોકત વિગતો જાણમાં લઈ મંજુરી આપવા વિનંતી છે. આ અંગે મહાનગરપાલિકાના વખતોવખતના નીતિ નિયમો મુજબ ભરવાની થતી લાયસન્સ ફી ની રકમ ભરવા અમો / હું સંમત છીએ.

મિલ્કતના માલિકની સહી.

**Note:** In case the content of the downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

# ખાનગી મિલ્કત પર જાહેરાતના બોર્ડ / હોર્ડિંગ ઉભા કરવા માટે પરવાનો મેળવવા માટેની સામાન્ય શરતો

(૧) મિલ્કતમાં આવેલ હયાત જાહેરાતના બોર્ડ / હોર્ડિંગ / સાઈનબોર્ડ નિયમબધ્ધ કરવા માટે નિયત ફોર્મમાં સંપૂર્ણ માહિતી સાથે અરજી કરવાની રહેશે. ત્યારબાદ રીન્યુઅલ માટેની અરજી દરેક વર્ષે ૧ લી એપ્રિલ પહેલા કરવાની રહેશે.

(૨) અરજદારે લાયસન્સ ફીની રકમ અરજી મંજુર થયેથી દિન–૧૦ માં ભરવાની રહેશે.

(૩) આ પરવાનો લાયસન્સ ફીના ધોરણે જે તે નાણાંકીય વર્ષની ૩૧મી માર્ચ સુધીના સમય માટેજ આપવામાં આવશે.

(૪) લાયસન્સ ફીની રકમ ૧લી એપ્રિલથી ૩૦મી સપ્ટેમ્બર, અને ૧લી ઓકટોબરથી ૩૧ મી માર્ચ એમ અર્ધવાર્ષિક હપ્તામાં વસુલ લેવામાં આવશે. જે માસમાં બોર્ડ ઉભું કરવામાં આવશે તેની પ્રથમ તારીખથી હપ્તાના અંત સુધીના સમયની લાયસન્સ ફી / ડીપોઝીટ ભરવાની રહેશે. અર્ધવાર્ષિક હપ્તા શરૂ થાય તેના ૧૦ દિવસ પહેલા નાણાં ભરી દેવાના રહેશે.

(૫) લાયસન્સ ફીની ભરેલી રકમ કોઈપણ સંજોગોમાં પરત માંગી શકાશે નહીં.

(૬) આ પરવાનો ખાનગી જગા/મિલ્કતમાં જાહેરાત કરવા પુરતો મર્યાદીત છે. મહાનગરપાલિકાના અન્ય ટેક્ષ કરવેરા તથા સરકારશ્રીના ટેક્ષ કરવેરા મિલ્કતના પ્રથમ કરપાત્ર વ્યકિતએ ભરવાના રહેશે. અને તે અંગે જે કોઈ સત્તાની મંજુરી આવશ્યક હશે તે અરજદારે મેળવવાની રહેશે.

(૭) આ પરવાનો અરજદારના ખર્ચે અને જોખમે આપવામાં આવશે. આ જાહેરાતના બોર્ડ કે સ્ટ્રકચરથી કોઈ વ્યકિત કે મિલ્કતને નુકશાન થશે તો તે અંગેની સઘળી જવાબદારી અરજદારની રહેશે.

(૮) ખાનગી મિલ્કતના નિયત માર્જી, કોન્સોલીડેટેડ ઓપન પ્લોટ, સેટ બેક, બાઉન્ડ્રી વોલ, તેમજ ઓપન સ્પેસમાં રોડ બાજુની હદથી અંદરના ભાગમાં હોર્ડીંગની નિતી મુજબ મુકવાની પરવાનગી ઈમારતના હવા ઉજાસ અવરોધાય નહીં તે રીતે આપવામાં આવશે તથા નિયત કરેલ સાઈઝના હોર્ડીંગથી મોટી સાઈઝના હોર્ડીંગ મુકવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને યોગ્ય લાગશે તો પરવાનગી આપશે પરંતુ તે અંગે અગાઉ મંજુરી મેળવવાની રહેશે.

(૯) હયાત મકાન કે ઈમારતના હવા ઉજાસમાં અવરોધ થાય તે રીતે હોર્ડીંગ મૂકી શકાશે નહીં. બોર્ડની સાઈઝ આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખી માન્ય કરવામાં આવશે.

(૧૦) હયાત બિલ્ડીંગની ઉપર લાઈટ વેન્ટીલેશન બંધ થતું હોય, અંતરાયરૂપ હોય અને મકાનના સુંદર દેખાવને અવરોધતું હોય તે અંગે ફરીયાદ આવશે અને જો ખાતાને યોગ્ય લાગશે તો તે પ્રકારના બોર્ડ મુકવાની પરવાનગી આપી શકાશે નહીં.

(૧૧) પ્લોટ બાઉન્ડ્રી અંદર મુકવામાં આવતા જાહેરાતના બોર્ડ માટે આજુબાજુની આવેલ જગા/મિલ્કત તરફ ફ્રેન્ટેજનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૧૨) મ્યુનિ. મિલ્કત કે મ્યુનિ. સ્ટ્રીટલેન્ડ ઉપરના ટેન્ડર સાઈટવાળા બોર્ડ અથવા ભવિષ્યમાં નવી ટેન્ડર સાઈટ નકકી કરવાના મહાનગરપાલિકાના હકકને બાધ ન આવે તે શરતે અથવા વાંધો નહીં લેવાની શરતે બોર્ડ મુકવાની મંજુરી મહાનગરપાલિકાને યોગ્ય લાગે તો આપવામાં આવશે.

(૧૩) જાહેરાત બોર્ડનું ચોકઠું અને બાંધકામ અતિવૃષ્ટિ, વાવાઝોડું, ધરતીકંપ સહિતના તમામ પરિબળો સામે ટકી શકે એવું મજબુત બનાવવાનું તથા જાળવવાનું રહેશે. હયાત મિલ્કત ઉપર જાહેરાતના બોર્ડ મુકવા માટે સ્ટ્રકચર અંગે સ્ટ્રકચરલ ડીઝાઈન પ્લાન તથા મકાનની સ્ટેબીલીટી અંગેનું સર્ટીફીકેટ કોર્પો. ધ્વારા માન્ય લાયસન્સ ધરાવનાર સ્ટ્રકચરલ એન્જીનીયર મારફત રજુ કરવાની રહેશે.

(૧૪) જુદા જુદા રસ્તાઓ ઉપર હોર્ડિંગની સાઈઝ નીચે ટેબલમાં દર્શાવ્યા મુજબ નિયંત્રિત થશે.

| રસ્તાની પહોળાઈ | મહત્તમ ઉંચાઈ | મહત્તમ લંબાઈ |
|---|---|---|
| નેશનલ હાઈવે તથા ૫૦ મી. થી વધુ પહોળાઈના રસ્તાઓ | ૩.૦૦ મીટર | ૬.૦૦ મીટર |
| ૨૦ મી. થી ૫૦ મી. | ૩.૦૦ મીટર | ૪.૫ મીટર |
| ૧૦ મી. થી ૨૦ મી. | ૨.૦૦ મીટર | ૩.૦૦ મીટર |
| ૧૦ મી. થી ઓછી પહોળાઈના રસ્તાઓ | ૧.૦૦ મીટર | ૧.૫ મીટર |

(૧૫) મ્યુનિ. કમિશ્નરશ્રી કોઈપણ કારણસર આપેલા પરવાનો રદ કરવાના હકકદાર રહેશે.

(૧૬) મ્યુનિ. કમિશ્નરશ્રી વખતોવખત જે કાંઈ નીતિ નિયમો કરશે તે અરજદારને બંધન કર્તા રહેશે.

ફોર્મ વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.

The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.

**Note:** In case the content of the downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.

(૧૭) જાહેરાત બોર્ડ ઉપર જે તે એજન્સીએ તેમની પેઢીનું નામ તથા મ્યુ. કોર્પો. ની મંજુરી મુજબ ભરેલ લાયસન્સ ફી / ડીપોઝીટની પહોંચ નંબર તથા તારીખ અને પરવાનાની માન્યતાની અંતિમ તારીખ સ્પષ્ટ વાંચી શકાય તે રીતે દર્શાવવાના રહેશે. આ મુજબનું લખાણ બોર્ડ ઉપરના ભાગમાં આ સામેલ સ્કેચમાં દર્શાવ્યા અનુંસાર બોર્ડની બંન્ને તરફ પ્લેટ ૨ ફુટ × ૧ ફુટ (૬૦ સે.મી. × ૩૦ સેમી.) ની પ્લેટ મુકી કરવાનું રહેશે.

(૧૮) નિયત સમયમાં લાયસન્સ ફી ભરેલ નહીં હોય તેવા બોર્ડ બીનપરવાનગીના ગણવામાં આવશે અને મહાનગરપાલિકા કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય દુર કરવાને હકકદાર રહેશે અને તે બાબતે માલિક / જાહેરાત સંસ્થા તરફથી કાંઈ વાંધો લઈ શકાશે નહીં.

(૧૯) રોડ ટ્રાફીક સાઈન સિગ્નલના વિઝનમાં અંતરાયરૂપ થાય તે રીતે બોર્ડ મુકી શકાશે નહીં.

(૨૦) ઐતિહાસિક કે મહત્વની ઈમારતો, પ્રતિમાઓના વિઝનમાં અંતરાયરૂપ થાય તેવા બોર્ડ અંગે મંજુરી આપવામાં આવશે નહીં.

(૨૧) બાગબગીચા કે વૃક્ષોથી આચ્છાદીત વિસ્તારને અડીને બોર્ડ મુકવાની મંજુરી આપવામાં આવશે નહીં.

(૨૨) વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકાશિત કે નિયોન સાઈન જાહેરાતના બોર્ડ મુકવા પરવાનગી આપવામાં આવશે નહીં.

(૨૩) જાહેર જનતાના માનસ ઉપર વિકૃત અસર કરે તેવી જાહેરાત કે વોલપેન્ટીંગ કરી શકશે નહીં.

(૨૪) કોઈપણ વિસ્તારમાં ત્રાસરૂપ થાય તેવી પ્રકાશિત જાહેરાત કે નિયોન સાઈન જાહેરાત મુકી શકાશે નહીં તેમજ તમાકુ કે તેની કોઈપણ બનાવટની જાહેરાત કરી શકાશે નહીં.

(૨૫) દરેક હોર્ડીંગ, પવન, વરસાદ કે ધરતીકંપ જેવા તમામ લોડીંગને અનુંરૂપ નેશનલ બિલ્ડીંગ કોડમાં સુચવ્યા મુજબની સ્ટ્રકચરલ ડિઝાઈન ધરાવતા હોવા જોઈએ.

(૨૬) હોર્ડીંગ / જાહેરાતના આકાર, સ્થળ તથા રંગના કારણે આધિકૃત ટ્રાફીક સાઈન કે સિગ્નલ સાથે ગુંચવણી ઉત્પન્ન કરે તેવી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહીં.


(૨૭) રાહદારી / વાહનચાલકને ગેરમાર્ગે દોરી / ગુંચવણો ઉત્પન્ન કરે તેવા "LOOK", "DANGER", કે આવા પ્રકારના અન્ય શબ્દ ધરાવતી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહીં.

(૨૮) "Public rihgt of way" માં આવી જાહેરાતો પ્રસિધ્ધ કરી શકાશે નહીં.

(૨૯) અરજદારે લાયસન્સ ફી ઉપરાંત નિયમ મુજબ ભરવાપાત્ર થતાં અન્ય ટેક્ષની રકમ અલગથી ભરપાઈ કરવાની રહેશે.

(૩૦) ઉપરોકત જાહેરાત અંગેની હોર્ડીંગ બોર્ડસ / સાઈન બોર્ડસ ફકત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ / શૈક્ષણિક – ધાર્મિક હેતુ ધરાવતી સંસ્થા તથા અન્ય જાહેર હેતુ માટેની સંસ્થાઓ પોતાની જગ્યામાં કોઈપણ હેતુ માટે ઉભા કરેલ જાહેરાત બોર્ડસને જેટલા સમય માટે મુકેલ હોય, તેટલા સમય માટે તેવી સંસ્થાઓને આવા પ્રકારની લાયસન્સ ફી માંથી મુકિતપાત્ર છે. પરંતુ આવી સંસ્થાઓએ પણ નિયમાનુસાર અરજી કરી પરવાનો મેળવી લેવાનો રહેશે.

(૩૧) ઘી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ હેઠળના મુસદ્દારૂપ પુનરાવર્તિત ડેવલપમેન્ટ પ્લાન મુજબના સુચિત ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સના નિયમ ૨૦ મુજબના નિયમો હમોએ વાંચ્યા છે તે અને તે ઉપરાંત સુરત મહાનગરપાલિકા દ્વારા જે તે સમયે લાગુ કરવામાં આવતા નિયમોનો અમલ કરવા હમો બાંહેધરી આપીએ છીએ.




મિલ્કત માલિકની સહી.

**નોધ :–**

તા. ૧૪–૨–૨૦૦૨ પહેલાં ઉભી / પ્રદર્શિત થયેલ જાહેરાતને હયાત જાહેરાત બોર્ડ / સાઈન બોર્ડ તરીકે ગણી નિયમબધ્ધ કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે અને આ બાબતે અરદારોએ જરૂરી પુરાવા રજુ કરવાના રહેશે તથા આવી જાહેરાત, ઈમારત, ભીંત કે જાહેરખબરના ચોકઠાના માલિક સાથેનું કરારનામું રજુ કરવાનું રહેશે.

ફોર્મ ઇન્ટરનેટ www.suratmunicipal.gov.in મારફત ડાઉનલોડ કરેલ હોય ફ્રી છે.
The form is free as it is downloaded from www.suratmunicipal.gov.in.
**Note:** In case the content of the downloaded form is modified, it may lead to legal action and the content as per the original form will be considered as final.